# ટ્રમ્પ અમેરિકાનો નહીં તેમના પરિવારની કંપનીઓનો જ ફાયદો જુએ છે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો બીજો કાર્યકાળ ટ્રમ્પ પરિવાર માટે કમાણીનું સાધન બની રહ્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સના એક રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ સરકારે છેલ્લા એક વર્ષમાં જે-જે દેશો સાથે મોટી ડીલ કરી, તે જ દેશોમાંથી ટ્રમ્પ પરિવારનો કારોબાર પણ ઝડપથી વધ્યો છે. ટ્રમ્પ જ્યારે ફરીથી વ્હાઇટ હાઉસ પહોંચ્યા, ત્યારે તેમણે પહેલા કાર્યકાળની જેમ આ વચન આપ્યું ન હતું કે તેમનો પરિવાર નવા આંતરરાષ્ટ્રીય સોદા નહીં કરે. પરંતુ, ક્યારેક ક્રિપ્ટોને છેતરપિંડી ગણાવનારા ટ્રમ્પ હવે પોતે ક્રિપ્ટોને પ્રોત્સાહન આપી રહ્યા છે. ટ્રમ્પ પરિવારનો કારોબાર હવે રિયલ એસ્ટેટથી આગળ ક્રિપ્ટો, AI, ડેટા સેન્ટર્સ સુધી ફેલાઈ ચૂક્યો છે. આલોચકોનું કહેવું છે કે ટ્રમ્પના બીજા કાર્યકાળમાં રાષ્ટ્રપતિ પદ અમેરિકા માટે ઓછું અને પરિવાર માટે વધુ કામ કરતું દેખાઈ રહ્યું છે. એપ્રિલ 2025માં સાઉદી સમર્થિત ગોલ્ફ ટુર્નામેન્ટ દરમિયાન ટ્રમ્પે લખ્યું- ‘આ અમીર બનવાનો શાનદાર સમય છે, પહેલા કરતા પણ વધુ અમીર.’ તેઓ આ જ માર્ગે ચાલી રહ્યા છે. ટ્રમ્પ પરિવારનો વ્યવસાય ક્રિપ્ટો-AI જેવા 5 સેક્ટરમાં ફેલાયેલો છે જેમાં સૌથી પહેલો આવે છે ક્રિપ્ટો કરન્સીનો વેપાર ડોનાલ્ડ ટ્રમ્પ, સ્ટીવ વિટકોફ (મધ્ય-એશિયામાં અમેરિકાના વિશેષ દૂત) અને તેમના પુત્રો આ કારોબાર સંભાળે છે. વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્સિયલ ટ્રમ્પ મેમકોઇન અને ડબલ્યુએલએફઆઈ ટોકન જારી કરે છે. બીજી વાત છે રિયલ એસ્ટેટ અને ટ્રમ્પ બ્રાન્ડ ની ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર અને એરિક ટ્રમ્પ ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન ચલાવે છે. હોટલ, ગોલ્ફ કોર્સ અને ટાવરો માટે ટ્રમ્પ નામથી લાઇસન્સ હોય છે. આ 8 ગ્લોબલ પ્રોજેક્ટ બનાવી રહી છે. ટેકનનોલોજીની વાત કરીએ તો: સ્ટીવ વિટકોફ અને ડેવિડ સેક્સ AI અને ડેટા સેન્ટરમાં રોકાણની શકયતા જોઇને દરેક ડિલ કરે છે. લુટનિકની કંપની તેમાંથી ફીની આવક મેળવે છે. એનવીડિયા ચિપ્સ યુએઈની G42 ને વેચવાથી નેટવર્કને ફાયદો થયો છે. સંરક્ષણ અને ટેકનોલોજીની વાત કરીએ ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર સાથે સંકળાયેલી કંપનીઓ ડ્રોન અને સંરક્ષણ ટેકનોલોજીના કોન્ટ્રાક્ટ સંભાળે છે. પેન્ટાગન તરફથી કરારો મળ્યા છે. ટ્રમ્પ મીડિયાનો TAE ટેકનોલોજીસ સાથે □49,800 કરોડ રૂપિયાનો વિલિનીકરણ પ્રસ્તાવ છે. નાણાકીય અને રોકાણ કંપનીઓ જેરેડ કુશનર એફિનિટી પાર્ટનર્સ ચલાવે છે. સાઉદી અરેબિયા અને ખાડી દેશોમાંથી હજારો કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા છે. આ પૈસા રિયલ એસ્ટેટ, ટેક અને ડેટા સેન્ટર પ્રોજેક્ટ્સમાં રોકવામાં આવી રહ્યા છે. યુએઈમાં મે 2025માં ટ્રમ્પ પ્રશાસને યુએઈને અમેરિકી ચિપ્સ વેચવાની મંજૂરી આપી. એનવીડિયા ચિપ્સના વેચાણથી અમેરિકાને AI ઇન્ફ્રામાં વધારો મળ્યો હતો. દુબઈ સમિટમાં વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્સિયલ પાસેથી 16,600 કરોડના સ્ટેબલકોઈન ખરીદ્યા, જેનાથી ટ્રમ્પ પરિવારને કરોડોનો નફો થયો હતો. તેવીજ રીતે સાઉદી અરબે 2025માં ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન સરકારી સમર્થિત રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ (હોટલ, ટાવર અને ગોલ્ફ કોર્સ) પર વાટાઘાટોમાં રહ્યું. સાઉદી હિતો સાથે સંકળાયેલી દાર ગ્લોબલ 4 પ્રોજેક્ટ આગળ વધારી રહી છે. નવેમ્બર 2025માં ટ્રમ્પે સાઉદી ક્રાઉન પ્રિન્સ સાથે સુરક્ષા વાટાઘાટો કરી, જેનો સંભવિત ટ્રમ્પ-બ્રાન્ડેડ પ્રોજેક્ટ સાથે સીધો સંબંધ હોવાનું જણાવાયું.

# બારીમાંથી ખૂલતું થોડુંક આકાશ- સમલૈંગિકોની ક્ષિતિજ ચીંધતી કથા!

છેલ્લા દાયકામાં ગુજરાતી સાહિત્યમાં ઉભરી આવેલું નવું નામ એટલે રામ મોરી. મહોતુ-ની ટૂંકી વાર્તાથી એણે ગુજરાતી સાહિત્યમાં પ્રવેશ કર્યો ને થોડા જ સમયમાં તાજગીસભર ભાષા અને નારી-સંવેદનની નોખી તરાહવાળી વાર્તાઓથી ભાવકો અને વિવેચકોનું પણ ધ્યાન ખેંચ્યું. ટૂંકી વાર્તાઓ ઉપરાન્ત નવલકથાઓ, ફિલ્મ અને ટી.વી. સિરિયલ્સની સ્ક્રિપ્ટ લખીને આગવી પ્રતિભા દાખવતા રામ મોરીને અનેક પુરસ્કારો મળ્યા છે. યુવા ગૌરવ પુરસ્કાર મેળવેલ આ યુવાને સાતત્યપૂર્વક લેખન કરીને પોતાની જગ્યા ઊભી કરી છે. ગૌરવ પુરસ્કાર મળ્યા પછીના સમયમાં પણ રામ મોરી સાતત્યપૂર્વક પોતાની પ્રતિભાનો હિસાબ આપતા રહ્યા છે. રામ પાસે કથા કહેવાની પોતાની રીત છે, યુવા પેઢીને જકડી લે એ પ્રકારનું ગતિવાન નિર્વહન એની વાર્તાઓ અને કથાઓને તાજગી આપે છે. એની વાર્તાઓ અને નવલકથાઓમાં લોકપ્રિય બનાવનાર ઈન્ગ્રિડિયન્સ સાથોસાથ કેટલુંક તત્ત્વ એવું પણ ધરાવે છે જે અભ્યાસી વાચકોને પણ સંતર્પક અનુભવ કરાવે. હમણાં જ પ્રગટ થયેલી ‘સત્યભામા’ની કથા પછી બહુ જ ઓછા સમયમાં ‘બારીમાં આખ્ખું આકાશ’ નામે નવલકથા લઈને એ આવે છે. આ નવલકથાનો સૌથી મોટો આકર્ષક વિશેષ ગણવો હોય તો એમાં આલેખાયેલ અરુઢ એવો વિષય. એલ.જી.બી.ટી. (સમલૈંગિક) વર્ગને કેન્દ્રમાં રાખીને પૂરી સભાનતાથી લખાયેલી આ કથા એના નવા અને ચેલેન્જિંગ વિષયને કારણે નોંધપાત્ર ઠરે એમ છે.





રામ મોરીએ આ નવલકથાને જે ટેગલાઈન આપી છે એ તો છે ‘પિતા-પુત્રીના લાગણીસભર સંબંધની સપ્તરંગી કથા’ છે. ‘સપ્તરંગી’ શબ્દનો અભિપ્રેત એવો અર્થવિસ્તાર હજી સમાજમાં એટલો પ્રચલિત નથી થયો પણ સાવ અજાણ્યોય નથી. સદીઓથી ગોસિપનું મોટું કારણ બનતાં રહેલાં આ સમલિંગીઓનાં સમાજે છેલ્લા દાયકા-દોઢ દાયકાથી ભારતીય સમાજનુંય સીધું ધ્યાન ખેંચ્યું છે. સ્ત્રીના સ્ત્રી સાથેના લેસ્બિયન સંબંધો કે પુરુષ પુરુષો વચ્ચેના ગે સંબંધો વિશે ખૂલીને ચર્ચાઓ ઓછી થાય છે. આ સંબંધ ઉપર કેન્દ્રિત થતી આ કથા મારા ખ્યાલથી પહેલી ગુજરાતી નવલકથા હશે. હા, ઝવેરચંદ મેઘાણી, રાધેશ્યામ શર્મા, બિંદુ ભટ્ટ, બી. કેશરશિવમ્-થી માંડી બે-ચાર લેખકોએ પોતાની કથામાં આડકતરી રીતે ઉલ્લેખો જરૂર કર્યા છે, બાકી એના પર ખૂલીને બોલવાનું ગુજરાતી લેખકને બહુ ફાવ્યું નથી. રામ મોરીએ એ રીતે સાવ નોખો ચીલો પાડ્યો છે. આજે ઈન્ટરનેટને કારણે, ઓટીટી પર આવતી સિરીઝને કારણે હોય કે મુંબઈના ફિલ્મીજગતની કેટલીક વ્યક્તિઓને કારણે આ વિષય સાવ અજાણ્યો પણ નથી રહ્યો. વર્ષમાં અમુક દિવસે રોડ પર નીકળતી પરેડ, આ પ્રકારની પાર્ટીઓ, સોશ્યલ મિડિયા પર નામથી કે નામ છૂપાવીને ચાલતાં ગૃપ્સ, ગોસીપ્સ, ચર્ચાઓ, વ્યાખ્યાનો ઈત્યાદિને કારણે સમાજમાં જાગૃતિ ફેલાઈ રહી છે. થોડી ફિલ્મો પણ આ વિષય પર બની છે. આ નવલકથા એક એવી દીકરી પર કેન્દ્રિત છે જેને પુરુષોમાં નહીં, સ્ત્રીમાં રસ છે. આ કારણે છૂટાછેડા લઈને સેપરેટ રહેતાં માતા-પિતાનાં ચિત્તમાં જે વલયો જન્મે છે તેનું આલેખન કરવા નિમિત્તે લેખકે સજાતિય સેક્સમાં માનતાં વર્ગને આલેખ્યો છે, એ નિમિત્તે એવી એવી જાણકારીઓ પણ આપી છે, જેનાથી મોટો સમુદાય સાવ અજાણ છે અથવા તો જાણવાની ખેવના રાખવાને બદલે એને બીમારી સમજે છે, અનિષ્ટ સમજે છે અને એને ટાળવા જાત– ભાતના પેંતરા અજમાવીને મોં ફેરવી લે છે. કથાનો વ્યાપક સૂર એ રહે છે કે સ્વીકાર અસ્વીકાર તો બહુ પછીની વાત છે. પહેલાં સાચી રીતે, તાર્કિક રીતે સમજવાનો પ્રયત્ન તો કરો. ઈગ્નોર કરવાથી, ગુસ્સે થવાથી કે એની ઉપર પડદો ઢાંકી દેવાથી કે એને સમસ્યારૂપે જોવાને બદલે અને ઉકેલ લાવવામાં શક્તિ વેડફવાને બદલે બસ એમને સમજવાનો પ્રયત્ન કરશો- તો પણ બસ છે. આ વાત નવલકથાની શરતે લેખકે મૂકવાનો પ્રયત્ન કર્યો છે.

કથા એવી છે કે ફોજમાં મેજરપદેથી નિવૃત્ત રણજીતને એનાથી તદ્દન જૂદાં જ સ્વભાવ ધરાવતી ચિત્રકાર એવી કલ્યાણી શ્રોફ સાથે પ્રેમ થયો હતો. બંને પરણ્યાં ને એક બાળકી પણ થઈ જેનું નામ છે અનિકા. આ કથાની એ નાયિકા છે. મેજર રણજીત એવો ફૌજી છે, જે પ્રમાણમાં ઓછો મળતાવડો, અતડો અને ભોળોભટાક લાગે. જ્યારે કલ્યાણી અત્યંત મહત્ત્વાકાંક્ષી, લોકોથી ઘેરાયેલાં રહેવું ગમે એવી, ચિત્ર-પ્રદર્શનો, ચળકાટભરી જિંદગી, મેડલ, વર્કશોપ, દુનિયાભરમાં ભમવું ને પ્રસિદ્ધ થવું એ એનો સ્વભાવ છે. અત્યંત ઘેલછાની હદે જીવતી ખ્યાતનામ ચિત્રકાર બનવા માટે હિમાચલનું ઘર છોડીને દિલ્હીમાં વસવાટ કરે છે, છૂટાછેડા લઈને મેજર એની સેનામાં રત થઈ જાય, સાવ એકાકી જીવન અપનાવી લે ને એમની એકની એક દીકરી અનિકાને નવ વર્ષની ઉંમરે દહેરાદૂનની હોસ્ટેલ સ્કૂલમાં ભણવા મૂકી દેવામાં આવે. મા-બાપના અભાવમાં, વિયોગમાં હિજરાતી અનિકા મોટી થયેલી છે. કથાના આરંભે, હિન્દીની પ્રોફેસર તરીકે મુંબઈ યુનિવર્સિટીમાં જોડાઈ છે પણ વ્યક્તિત્વ સાવ નોખું અને એકાકી છે. અતડી રહેવા સાથે બધાથી ચોક્કસ અંતર રાખીને જીવે છે. મા-બાપ સાથે કોઈ સંપર્ક રહ્યો નથી.

રામ મોરીએ અનિકાના વ્યક્તિત્વની જે જે રેખાઓ ખેંચી છે એ પછીના ઉઘડતા વ્યક્તિત્વ સાથે બહુ મેળ નથી ખાતી એ જૂદી વાત છે પણ ફિલ્મી સ્ટાઈલે ચાલતી કથામાં આંચકો ત્યારે મળે છે જ્યારે એ એનાં માતા-પિતાને એસ.એમ.એસ.મેસેજથી જણાવે છે કે - ‘‘ડિયર બાબા અને મા, આ મૅસેજ સવારે તમે વાંચશો ત્યારે હું ત્રીસ વર્ષની થઈ ચૂકી હોઈશ. મારે એક કન્ફેશન કરવું છે. તમારા માટે નહીં, મારા પોતાના માટે. ખબર નહીં આ સજા આટલાં વર્ષો સુધી હું મને કેમ આપી રહી હતી, પણ હવે નહીં. હું પ્રેમમાં છું. પણ હું જેને પ્રેમ કરું છું એ કોઈ છોકરો નહીં, એક છોકરી છે. મને છોકરાઓ નથી ગમતા! તમને ગમે કે ન ગમે પણ આ હું છું. આ ક્ષણે આપણી વચ્ચેથી શું બદલાઈ ગયું કે બદલાઈ જશે એની મને ખબર નથી. પાછું વળીને જોઉં છું તો સમજાય છે કે આપણા ત્રણ વચ્ચે તૂટવા માટેય હોવો જોઈએ એવો સંબંધ પણ ક્યાં છે...’’ (પૃ.23)

હવે ત્રીસ વર્ષની જિંદગીમાં સ્વાભાવિક જ એ ઘણી ઘડાઈ હશે. માતા-પિતા સાથે તો સંબંધ રહ્યો જ નથી, હોસ્ટેલમાં જ રહી છે- એની વિગતો ક્રમશઃ ફ્લેશબેકની સ્મૃતિઓરૂપે કથામાં વણાતી ગઈ છે એમાં માતા-પિતા સાથેના વધતાં જતાં અંતરને જ આલેખવામાં આવ્યું છે. માતાને મળવાનો ઉમળકો નથી ને પિતા સાથે સંવાદ સાધી શકાતો નથી. એ આખીએ વાત સરસ રીતે ઉપસી આવી છે. કેટલાક સંજોગો તો બહુ નાજુક આલેખન પામ્યાં છે. પણ એ ભૂતકાળના આલેખનમાં લેસ્બિયન દિશામાં જતો એક પણ સંકેત લેખકે મૂક્યો નથી. ટી.વી. સિરિયલના લેખનના અનુભવને કારણે ચબરાકિયાપણું જરૂર આવ્યું છે પણ મોટો કલાકાર જ્યારે નવલકથા જેવા ગાઢ અને ગૂઢ સ્વરૂપને ગૂંથતો હોય ત્યારે જે સંકેત છોડવાની કલા દાખવે છે તેનો મને અભાવ જણાયો છે. માતા-પિતાના છૂટાછેડા જરૂર બાળકના ઉછેરમાં કુંઠાનું કારણ બનતા હોય છે પણ એને અને લેસ્બિયનપણાને સીધો કોઈ સંબંધ નથી અને હોય તો એ અહીં મૂકાયો નથી. એ જ રીતે બાબા મુંબઈ આવી જાય અને સાથે રહેવા લાગે ત્યારે અનિકાનાં વિદ્યાર્થીઓ, આસપાસના નિવાસીઓ, ડોક્ટર સાથેના સંબંધોમાં જ્યારે ગૂંથાય છે ત્યારે અનિકાનું વર્તન અસહજ નથી, બધાનો સ્વીકાર જે રીતે કરે છે એ સ્વીકાર એના આરંભિક વ્યક્તિત્વ આલેખન સાથે મેળ ખાતું નથી. એવા ઘણા વિરોધાભાસ જોઈ શકાય. પણ એ પછી એ કહેવું જરૂરી લાગે છે કે સરેરાશ ભાવકને- જે રામ મોરીનું ધ્યેય પણ છે- એને તો કથારસના અપાર ઘૂંટડા ભરવા મળે એવી એવી ઘટનાઓ, વિષયને અનુરૂપ એવું ચિંતન, સંવાદો અવશ્ય મળે છે.



આખીએ કથામાં સૌથી ગતિશીલ, સંવેદનશીલ અને સતત પ્રવાહી એવું માંસલ અને સાચુકલું લાગતું પાત્ર હોય તો એ છે મેજર રણજીતનું પાત્ર. ભવ્ય એવો આ પિતા સતત ખીલ્યો છે, વિકસ્યો છે અને આપણા ચિત્તમાં છવાઈ ગયો છે આ પિતા. પત્નીનેય ઊડવા માટે પાંખ આપી, જગ્યા કરી આપી મૂંગા મોઢે, જીવનભર દેશ માટે શિસ્તબદ્ધ, અશબ્દ બની સેવા કરી અને પછી અંગત મોરચે, ચિત્તમાં લડાતા આંતરયુદ્ધમાંય જે રીતે ઝંપલાવે છે એ આપણે સહજ રીતે સલામ કરી દઈએ એવું નિરૂપણ પામ્યાં છે. જ્યારે અનિકાનું પાત્ર રામ મોરીની આંગળી છોડીને પોતાની રીતે વિકસ્યું નથી એવું જરૂર લાગ્યું કેમ કે, સમલૈંગિક હોવા પછી એ જે રીતે સંયત, સભાન અને વાચાળ બન્યા વિનાનું આલેખાયું છે એવું ઠરેલપણું જેમાં એ ઉછેર પામ્યું છે એમાં કઈ રીતે બન્યું-એના અંકોડા મળતા નથી. જે માતા-પિતા સાથે વીસ-પચ્ચીસ વર્ષ કોઈ સંબંધ જ કેળવાયો નથી, એ માતા પિતાનો આકસ્મિક સંપર્ક કરે એનો કોઈ તર્ક કથામાં વણાયો નથી.

બીજાં જે બે પાત્રો છે એમાંથી એક જે અનિકાની પાર્ટનર બનવાની છે એ સંજના. અને છેલ્લે સુધી ભરેલ નાળિયેર જેવું પાત્ર એટલે ડૉ. કશ્યપ. મારે કથા કહેવી નથી. એ વાંચી જજો. આ બંને પાત્રો આ કથાને ગતિ આપે છે, નાવીન્ય લાવે છે, માહિતી પણ આપે છે અને અનિકાનો બીજો છેડો પણ બને છે. એલ.જી.બી.ટી. પ્લસની આખી વાત આપણી સામે ક્રમશઃ મૂકાતી જાય છે એ ગૂંથણી ઉચિત પણ છે, પૂરતી પણ છે અને કથાની શરતે આવી હોવાથી ભાવકને ગળે ઊતરી જાય એવું આલેખન પામી છે. જો કે, સંજનાનું બિન્દાસ્તપણું, પ્રમાણમાં છીછરું લાગતું વર્તન ક્રમશઃ વિસ્તરણ તરફ જતું અનુભવાય છે એટલે સહી લઈએ, બાકી એનો પ્રવેશ પ્રસંગ આંચકો આપવા જ કરાયો છે, એનું કોઈ ઔચિત્ય સિદ્ધ થતું નથી. તો ડૉ. કશ્યપનું પાત્ર અંતે જે રીતે પ્રગટે છે એ પણ આગંતુક અને આઘાત આપવાના ઉદ્દેશથી હોય તેવું લાગ્યા વિના ન રહે.

રામ મોરીનું ધ્યેય સ્પષ્ટ છે અને એટલે ધ્યાન પણ એ જ દિશામાં રહ્યું છે. એક અર્થમાં આ નવલકથા સાહસિક વિષયમાં પ્રવેશતી હોવાથી સ્વાભાવિક જ એને લગતાં પરિમાણને જ આલેખવા પર કેન્દ્રિત થઈ ગઈ છે. પરિણામે લેખક અનેક બાબતો ચૂકી ગયા હોય ને ઉતાવળા થયા હોય એવું લાગ્યા વિના રહેતું નથી. લેસ્બિયન સ્ત્રીઓના સંબંધો વિશે છે, એ સંબંધોની કોઈ તસવીર આપણી સામે આવતી નથી. આ કથામાં હજી નિરાંતવા જઈને માતા કલ્યાણી- જેની વનસાઈડેડ રેખાઓ જ મળી તેનાં આંતરમાં પ્રવેશની જરૂર જણાઈ, એ જ રીતે અનિકા શા માટે સંધ્યા જેવી નથી, શા માટે પોતાના સંબંધોની જાહેરાત માતાપિતા પૂરતી જ રાખવાની મથામણ કરે છે. એના કોઈ જવાબો મળતા નથી. આ સંબંધોમાં ઘણું ખોતરીને કાઢી શક્યા હોત! એવી તરસ વાચકના મગજમાં જન્મ્યા વિના રહેતી નથી. જો કે, એ લેખકનો પોતાનો અધિકાર છે. ક્યાં શરૂ કરવું, ક્યાં રોકાવું અને કઈ રીતે આગળ વધવું- એ એમનો અધિકાર હોવા છતાં પાત્રોને અને ક્યારેક પરિસ્થિતિઓને બોલવા દેવા એ પણ કૃતિની જરૂરિયાત હોય છે.

નવલકથાના માધ્યમથી લેખકે જે કહેવું છે, લેખકને જે અભિપ્રેત છે એ સરસ રીતે ઘૂંટાઈને, સરસ દલીલો સાથે, તો એની સામેના વિરોધો, સમાજમાં વ્યાપક એવી સૂગ કેમ છે એનો પક્ષ મેજર દ્વારા સરસ રીતે મૂકાયો હોવાથી કથામાં બેલેન્સ અનુભવ જરૂર થાય છે. એ અર્થમાં કથા સમતોલ બની છે. બાકી, ભાષા અસરકારક, દશ્યાત્મક આલેખન, પાત્રોની સુરેખ એવી રેખાઓ ઉપસે છે, સ્ત્રી-માનસની અપેક્ષાઓ, એને ગમતું જગત, એને ગમતી ચીજ-વસ્તુઓ, શ્રૃંગાર, પોષાક, ઘર, રાચરચીલું, સ્થળો વગેરેનું નકશીકામ રામે અદ્ભુત રીતે કર્યું છે. સંવાદોમાં તાજપ અનુભવાય, કથારસ એકધારો વહ્યા કરે, લતાજીનાં ગીતોનો ઉપયોગ ઉચિત રીતે પોષક બને એવો છે. એલ.જી.બી.ટી. વર્ગ દ્વારા કરાતાં આંદોલનો, રેલીઓ, ચેષ્ટાઓને પણ આ લેખકે કડક રીતે તપાસ્યાં છે, એની સામેનો વાંધો, વિરોધ અને એમાં રહેલા બોલકાપણાને કારણે સમલૈંગિકોને થઈ રહેલ નુકસાન એમણે અનિકાના મુખે મૂકાવીને વ્યાપક ખુલ્લાપણું દાખવ્યું છે તે આ નવલકથાને વધારે સમતોલ બનાવે છે. વધારે ટચી અને અપીલ ઊભી કરી શક્યા છે. ખાસ તો ડૉ. કશ્યપ જે રીતે આકાશના તારાઓમાં કેટલાય અજાણ્યા તારાઓને, અ-નામી તારાઓને ઓળખતા નથી એટલે એનું અસ્તિત્વ જ નથી, એવું તો ન જ હોય ને? કહીને જે તર્કબદ્ધ દલીલો રજૂ થઈ છે એ ચોક્કસ ધારી અસર જન્માવે એવી છે અને એટલે જ સદીઓથી આપણી સાથે, આપણી વચ્ચે, આપણાં જ કુટુંબોમાં કે પડોશમાં શ્વસતાં સમલિંગીઓને સમજીએ, એમની સંવેદનાઓને અવગણીને પરાણે પરણાવીને કજોડા સર્જવાની પ્રવૃત્તિઓ કરતાં જડ સમાજને બત્તી ધરવાનું કામ આ નવલકથાએ કર્યું છે. બાકી, મેજર બે વખત દીકરીને કહે છે તેમ- ‘‘તમારે લેસ્બિયન કે ગે ને પણ અમારી જેમ જ પાર્ટનર બન્યા પછી ઝઘડાઓ થાય? અમારી જેમ જ બ્રેક-અપ થાય?- તો પછી ફેર શો?’’

આ કથા કહેવા માંગે છે કે, બધું જ નોર્મલ છે, બસ એને નોર્મલ રૂપે જુઓ અને સ્વીકારો. ફરી સંજના કહેશે- ‘‘સ્વીકારો નહીં તોય સમજવાનો પ્રયત્ન તો શરૂ કરો...!’’ રામ મોરીને આ સાહસ માટે અભિનંદન...એક ધ્યેયલક્ષી નવલકથાને આવકારું છું. રામ વધારે ને વધારે ઘૂંટાય, ઠહરાવ સાથે ઊર્ધ્વગામી દિશા પકડે એવી અપેક્ષા પણ મૂકું છું.

**કથાનો વ્યાપક સૂર એ રહે છે કે સ્વીકાર અસ્વીકાર તો બહુ પછીની વાત છે. પહેલાં સાચી રીતે, તાર્કિક રીતે સમજવાનો પ્રયત્ન તો કરો. ઈગ્નોર કરવાથી, ગુસ્સે થવાથી કે એની ઉપર પડદો ઢાંકી દેવાથી કે એને સમસ્યારૂપે જોવાને બદલે અને ઉકેલ લાવવામાં શક્તિ વેડફવાને બદલે બસ એમને સમજવાનો પ્રયત્ન કરશો- તો પણ બસ છે**

**(બારીમાં આખ્ખું આકાશ..! (નવલકથા) રામ મોરી, પ્ર.આ. 2026, પ્રકા. આર.આર.શેઠ એન્ડ કંપની પ્રા.લિ., દ્વારકેશ, રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ-389992, 7, અર્થબગ, 116, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-400002, પૃ. 246, કિં. 325, કાચું પૂંઠું, ક્રાઉન)**


# ગુજરાતી ટૂંકીવાર્તા- આરંભથી આજ સુધી...સમીક્ષાઓનો સમુચ્ચય

જયેશ ભોગાયતાને ગુજરાત એક સજ્જ વિવેચક, સંપાદક, કવિ અને વાર્તાકાર તથા સજ્જ અધ્યાપક તરીકે ઓળખે છે. એમ.એસ. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે સેવાનિવૃત્ત થયા પછી જયેશ ભોગાયતા વધારે સક્રિય થઈને મોટા પ્રોજેક્ટ હાથ ધરી રહ્યા છે જેનું બહુ મોટું મૂલ્ય છે. ખાસ કરીને એકત્ર ફાઉન્ડેશન દ્વારા ગુજરાતી સાહિત્યનું ડિઝિટલ રૂપે અવતરણ કરવાનું અભિયાન હાથ ધર્યું છે. એ અભિયાન સાથે સંકળાઈને જયેશ ભોગાયતાએ ટૂંકી વાર્તાને કેન્દ્રમાં રાખીને ગંજાવર કામ હાથ ધર્યું છે જે હવે ક્રમશઃ ઓનલાઈન મોડમાં સૌ કોઈ માટે સહજ સાધ્ય છે. નવા વર્ષ 2026થી સાહિત્યરસિકો માટે, ખાસ કરીને ટૂંકી વાર્તામાં રસ ધરાવનારાં માટે બહુ મોટો રસથાળ પ્રગટ થઈ ચૂક્યો છે. નામ છે- ગુજરાતી ટૂંકી વાર્તાનો ઈતિહાસઃ વહેણો અને વળાંકો.

જયેશ ભોગાયતાએ અગાઉ ધૂમકેતુ પૂર્વેની ગુજરાતી ટૂંકી વાર્તાઓનું સંપાદન અને સંશોધન કરીને પ્રચલિત વાતોથી અલગ જ સ્થાપન કર્યું છે. સમયે સમયે એમના વિવેચનલેખોએ સ્વાભાવિક જ ગુજરાતી ટૂંકી વાર્તા સ્વરૂપ પરના એમના અધિકારથી આપણને અવગત કરાવ્યા છે. એમણે આ અત્યંત મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધર્યો અને સરસ રીતે પૂરો કર્યો એ માટે અભિનંદનને પાત્ર છે. એમની મથામણ એમના જ શબ્દોમાં કહું તો- ગુજરાતી ટૂંકી વાર્તાના ઈતિહાસ-લેખન માટે મેં શરૂઆતમાં બે કામ કર્યાં. તે ગુજરાતી ટૂંકી વાર્તાકારોની યાદી અને બીજું કામ તે સમીક્ષકમિત્રોની યાદી. પ્રસ્તુત સંપાદનકાર્યના વિષયમાં બે સંજ્ઞાઓ છે વહેણો અને વળાંકો. સાહિત્યના ઈતિહાસમાં, વિવિધ સાહિત્યસ્વરૂપોમાં તબક્કાવાર જે વળાંકો આવે છે, તેમનાં વહેણો અને વળાંકો વચ્ચેના ભેદોને દર્શાવવા માટે યુગ પરિવર્તનના વિભાવનો ઉપયોગમાં લે છે. યુગનું નામકરણ કરીને બદલાતા પ્રવાહોની વ્યાવર્તકતા સ્પષ્ટ કરે છે.- એમ કહીને આખીએ પ્રક્રિયાની વિગતે વાત કરી છે. આ લેખ દીર્ઘ હોવા સાથે આખાય ઉપક્રમનો ઉદ્દેશ, દિશા અને એની પાછળની એમની મંછાને પ્રગટ કરવા સાથે અભ્યાસીઓ માટે આ સામગ્રી કેવી મહત્ત્વની બને છે એનો ચિતાર મળે એવો સમૃદ્ધ છે. આ સંપાદન માહિતીઓથી અત્યંત સમૃદ્ધ છે. સમાન્તરે સમીક્ષાત્મક અભિગમ પણ ભળ્યો હોવાથી ઉપયોગી થાય એમ છે. કવિ દલપતરામથી આ સંગ્રહની શરૂઆત છે. 1820ના વર્ષથી. ધૂમકેતુ પૂર્વેના વાર્તાકારો દલપતરામ, અંબાલાલ સા. દેસાઈ, રમણભાઈ નીલકંઠ, બળવન્તરાય ઠાકોર, કવિ ન્હાનાલાલ, રણજીતરામ વા. મહેતાથી આરંભાયેલી આ યાત્રાના અનેક પડાવો, પ્રમુખ વાર્તાકારો, ઓછી વાર્તાઓ આપનાર સર્જકોથી આરંભીને 1994માં જન્મેલા અભિન્યુ આચાર્ય સુધીના વાર્તાકારોને અહીં સમાવવામાં આવ્યા છે. કેટલાક ચૂકી પણ જવાયા છે પણ ઓવરઓલ ચિત્ર એકદમ સરસ રીતે ઉપસી આવે એવું છે. હા, સિનિયર સમીક્ષકોથી માંડી વિદ્યાર્થીઓ સુધીનાં યુવાનોએ આ ટૂંકી વાર્તાકારો વિશે લખ્યું છે. એનું એક માળખું મોટા ભાગે જળવાયું છે. આરંભે જન્મ અને સર્જન વિશેની વિગતો, એમના વાર્તાસંગ્રહોની મોટા ભાગની વાર્તાઓ વિશે સમીક્ષાત્મક પ્રતિભાવ અહીં મળે છે. આખાય સંપાદનમાંથી પસાર થવા માટે ખાસ્સો સમય લાગે એટલે બધું કહેવું શક્ય નથી પણ કોશની જેમ પણ આ અધિકરણોનો ઉપયોગ અભ્યાસીઓ માટે ભવિષ્યમાં ઉપયોગી થવાનો છે એમાં જરા પણ શંકાને કારણ નથી.

આવાં મોટાં સંપાદન માટે જયેશ ભોગાયતાને, પ્રકાશક શ્રી અતુલ રાવળ અને પ્રોજેક્ટ સાથે જોડાયેલ સૌ કોઈ સમીક્ષકોને અભિનંદન પાઠવું છું અને આવકારું છું.

**નવા વર્ષ 2026થી સાહિત્યરસિકો માટે, ખાસ કરીને ટૂંકી વાર્તામાં રસ ધરાવનારાં માટે બહુ મોટો રસથાળ પ્રગટ થઈ ચૂક્યો છે. નામ છે- ગુજરાતી ટૂંકી વાર્તાનો ઈતિહાસઃ વહેણો અને વળાંકો**



**(ગુજરાતી ટૂંકી વાર્તાનો ઇતિહાસઃ વહેણો અને વળાંકો, સં.જયેશ ભોગાયતા, પ્રકા. એકત્ર ફાઉન્ડેશન, પ્ર.આ. 2026, ઓનલાઈન, www.ekatrafoundation.org , વિના મૂલ્યે એક્સેસ)**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## હવે તો બાંગલા દેશે હદ કરી દીધી છે

1971માં બાંગલા દેશ બનયુ. ભારતનો ખૂબ મોટો ફાળો હતો. એ લડાઈમાં આપણા સૈનિકો શહીદ થયેલા. પાકિસ્તાનના અત્યાચારથી મુક્ત થયું. આજે એ જ બાંગલા દેશ સ્વતંત્રતા અપાવનાર ભારતને જ સખત પરેશાન કરી રહ્યો છે. હદ તો ત્યાં સુધી કે અલ્પસંખ્ય હિન્દુઓને જ મારી રહ્યાં છે. તેઓની સંપત્તિ મંદિર, ઘરો વગેરેનો ધ્વંસ કરી હિંદુઓ સાથે ભારી અન્યાય યુનુસ-સરકાર કરી રહી છે. ભારતે આ વિશે વિચારી હિંદુઓની રક્ષા માટે કંઈક કરવું જોઈએ. જે પાકિસ્તાને ત્યાંની પ્રજાને તહસ-નહસ કરી દીધેલું તે જ પાકિસ્તાન સાથે દોસ્તી કરી પાછું પૂર્વ પાકિસ્તાન બનવા જઈ રહ્યું છે. આ તે કેવી માનસિકતા! માનવતા મરી પરવારી રહી છે. દીપુદાસ અને બીજા બે હિન્દુ યુવાનોને જીવતા સળગાવી દીધા. દિનબદિન હિન્દુ પર અત્યાચાર વધી રહ્યો છે. હવે શું જોયા જ કરવાનું? ત્યાંનાં હિન્દુઓને બચાવવા કંઈક તો કરવું જ પડશે. અંતે આ કટ્ટરપંથીઓ સાથે ઓપરેશન સિંદૂર જેવું કંઈક તો કરવું જ પડશે. તસલીમા નસરીનનું પુસ્તક ‘લજ્જા’વાંચવાની પાકિસ્તાનના કારસ્તાનની ખબર પડશે. તેમાં મુનિર જેવા કટ્ટર યુનુસને અને બંગાળી મુસ્લિમોને ભડકાવે છે. યુનુસ સરકારને સબક શીખવવો જ પડશે. આ હિન્દુઓ પર અત્યાર કયાં સુધી સહન કરવાનો?

**સુરત - જયા રાણા**

## મુસાફરી સસ્તી કેમ ન થઈ

તાજેતરમાં ગુજરાત રાજ્ય પરિવહન નિગમની બસના ભાડામાં નવા વર્ષના પ્રથમ દિવસે જ વધારો કરાયો છે. સામાન્ય પ્રજાની મુશ્કેલી વધારી શકે છે. પ્રશાસન કે સરકાર પાસે તેના પોતાના કારણ છે તથા સરકારી સેવા થોડી ઘણી પણ મોંઘી બને તો આમ જનતાને ગમે નહીં એ સ્વાભાવિક છે. નવ જ માસના ગાળામાં એસટી બસના ભાડામાં 13% નો વધારો થયો છે. આથી એસ.ટી તંત્રની ગંજાવર ખોટ જોતા ભાડા વધારો તેના માટે અનિવાર્ય છે. પરંતુ જનતા પર તો ભારણ વધે છે. બહુ મોટો વર્ગ છે જેમાં પરિવહનનું માધ્યમો બસ છે. નોકરી માટે અપડાઉન કરતા કર્મચારીઓ, વ્યવસાયિકો, સેલ્સમેનથી લઈને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં એસ.ટીની બસોમાં મુસાફરી કરે છે. કોઈપણ સેવા નફાના ઉદ્દેશ્યથી ચાલતી નથી. તેથી નફો લક્ષ ન હોય પરંતુ ખોટ ઘટે તે જરૂરી છે. 2024-25ના વર્ષમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટની ખોટ 1802 કરોડ રૂપિયા હતી. પ્રીમિયમ બસોમાં છેલ્લા પાંચ વર્ષમાં 174 કરોડની ખોટ હતી. 2019 માં એસટીની આવક વધી. પછી સતત ઘટતી ગઈ. હજુ પણ ટેકનોલોજી વાળી બસ ખરીદવા અને તેને સંચાલિત કરવા માટે નાણાં જોઈએ. કર્મચારીનો પગાર, વિવિધ વહીવટી ખર્ચની બાબતોમાં ઘટાડો શક્ય નથી. એસટી એવી સેવા છે કે નાના ગામડાઓ સુધી પહોંચે છે, બે જ મુસાફર હોય તોય રોડ પર ચાલતી રહે છે. આ બધાને પહોંચી વળવા પૈસા તો જોઈએ. જે ભાડા વધારો થયો તેને કારણે હવે દરરોજ 27 લાખની આવક એસટી તંત્રને થશે. આ નફો નથી ખોટ ઓછી થશે. આવક માટે અન્ય રસ્તા એસટી તંત્ર અપનાવે એના મુસાફરો પ્રત્યે સેવાભાવ ચાલુ રાખે અને પ્રજાની મુસાફરી સસ્તી થઈ શકે.

**મોટા વરાછા, સુરત - યોગેન્દ્ર પટેલ**

## ૫.૭૯ કરોડ કેસ પેન્ડિંગ: ન્યાયવ્યવસ્થાની ચિંતાજનક સ્થિતિ

“તારીખે તારીખ” ભારતીય ન્યાયતંત્ર માટે માત્ર સંવાદ નથી, પરંતુ ન્યાયની રાહ જોતા લાખો નાગરિકોની હકીકત છે. તાજેતરના અહેવાલ મુજબ દેશમાં ૫.૭૯ કરોડ કેસ પેન્ડિંગ છે, જે ન્યાયમાં વિલંબ અને વિશ્વાસના સંકટ તરફ ઈશારો કરે છે. આ સ્થિતિનું મુખ્ય કારણ જજોની અછત છે.

વધતી વસ્તી અને કેસોના પ્રમાણમાં ન્યાયાધીશો ઓછા હોવાથી એક જજ પર અનેક કેસોની જવાબદારી આવે છે. સાથે સાથે અદાલતોમાં સ્ટાફની કમી, ટેકનિકલ સુવિધાઓનો અભાવ અને જૂની પ્રક્રિયાઓ પણ વિલંબ વધારે છે. કેસોના ઝડપી નિકાલ માટે સરકાર દ્વારા લોક અદાલતો, ફાસ્ટ ટ્રેક કોટ્ર્સ અને ઈવનિંગ કોર્ટ જેવી વ્યવસ્થાઓ અમલમાં મુકાઈ છે. ઈ-કોર્ટ, ઓનલાઈન ફાઈલિંગ અને વર્ચ્યુઅલ હિયરિંગ દ્વારા સમય અને ખર્ચ બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, પરંતુ તેનો સંપૂર્ણ લાભ હજી સર્વત્ર પહોંચ્યો નથી. “Justice delayed is justice denied” કહેવત અહીં સાચી ઠરે છે. પેન્ડિંગ કેસો વેપાર, વિકાસ અને કાયદા-વ્યવસ્થાને અસર કરે છે. ઉકેલ માટે વ્યવસ્થાત્મક સુધારા, માનવ સંસાધનનો વધારો, ટેકનોલોજી અને મિડિએશન જેવા વૈકલ્પિક ઉપાયો જરૂરી છે. ન્યાય ઝડપી, સસ્તો અને સુલભ બને – એ જ લોકશાહીની સાચી ઓળખ છે.

**સાઉથ બોપલ, અમદાવાદ - કે.ડી. સેદાણી**

## એકવીસમી સદીનાં ૨૫ વર્ષ

ગયા સદીના અંતે આવનારી એકવીસમી સદી અંગે ભારે ઉત્કંઠા હતી. આજે તેના પ્રથમ પચ્ચીસ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે પાછું નજર કરીએ તો જીવનના દરેક ક્ષેત્રમાં મોટાં પરિવર્તનો સ્પષ્ટ દેખાય છે. આ પરિવર્તનમાં સૌથી મોટું વાવાઝોડું સોશિયલ મીડિયાનું છે. ફેસબુક, ટ્વીટર, વ્હોટસએપ, ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક જેવી એપ્લિકેશનો માનવીના જીવનનો અવિભાજ્ય ભાગ બની ગઈ છે. સંદેશા વ્યવહાર સરળ થયો, પરંતુ માણસ વધુ એકલો અને એન્ટી-સોશિયલ બનતો ગયો છે. કરુણા, સહાનુભૂતિ અને સંવેદનશીલતા ઘટતી જણાય છે. ઈન્ટરનેટ અને મોબાઈલ ફોનએ જીવન ઝડપી બનાવ્યું. પોસ્ટ ઓફિસ, એસ.ટી.ડી. બૂથ અને લાંબી લાઈનો હવે ભૂતકાળ બની ગઈ છે. રેલવે ટિકિટ, બિલ પેમેન્ટ, રીચાર્જ–all થોડા મિનિટોમાં શક્ય છે. છતાં paradox એ છે કે કામ ઝડપથી થતું હોવા છતાં માણસ પાસે સમય નથી; કારણ કે મોબાઈલ પોતે જ સમયનો સૌથી મોટો ઉપભોક્તા બની ગયો છે. આ સાથે મોંઘવારી અને પ્રદૂષણ ગંભીર દુષણરૂપે ઊભર્યાં છે. વૈભવ વધ્યો છે, પરંતુ શાંતિ નથી મળી. ઓ.ટી.ટી. સંસ્કૃતિ અને ભૌતિકતાએ ચારિત્રિક સંકટ ઊભું કર્યું છે. અંતે એક જ સત્ય સામે આવે છે–સાધનોમાં નહીં, શાંતિ આધ્યાત્મિકતામાં છે. ભૌતિકતાથી ઉપર ઉઠ્યા વગર માનવ સુખી થઈ શકતો નથી.

**ઉમરગામ – ઉમેશ દલાલ**

## વૈધવ્ય ગુનો નથી

લગ્નના પવિત્ર બંધાયેલા યુગલના જીવનમાં ક્યારેક અચાનક ઝંઝાવાત આવી શકે અને બેમાંથી એક સાથી આ વિશ્વમાંથી વિદાય લે છે, અણધાર્યુ અનિષ્ટ બની જાય છે. ક્યારેક પતિ અથવા ક્યારે પત્નિ સંજોગવશાત સદાને માટે કારમી વિદાય લે છે. વાંક કોઈનો નથી હોતો પણ સ્ત્રી વિધવા થાય અને નાની વય હોય તો કદાચિત જીવન દુષ્કર બની જાય. સમય નામનો મલમ ઘા રૂઝવી શકે અને એ યુવતીની સંમિતિ હોય, પરિવાર જનોની સમંતિ હોય તો એ સ્ત્રીના પુર્નલગ્ન અવશ્ય થવા જોઈએ. આજ થી વર્ષો પહેલા રાજા રાજામોહન રાય એ વિધવાના પુર્નલગ્ન માટે હાકલ કરી હતી અને સ્વયં દષ્ટાંત પણ પુરુ વાડ્યુ હતું, સ્ત્રી વિધવા થાય એમાં એના દુર્ભાગ્ય નો ભૂમિકા હોય શકે. એને અપશુકનિયાળ ગણવાની બિલકુલ જરૂર નથી. પ્રાચીન સમયથી પુરુષ વિધુર થાય તો એને પુર્નલગ્નની છૂટ તુરની આપવામાં આવતી. મરણ પામેલ સ્ત્રીની બહેન કે અન્ય યુવતી સાથે પુર્નલગ્ન કરાવી દેવાતા પણ વિધવા સ્ત્રીને એ છૂટ ન હતી. આજે સમાજ અત્યંત પરિવર્તનશીલ બન્યો છે. સાસરિયા સમજદારી પૂર્વક યુવાન પુત્રવધૂ વૈધવ્ય પામી હોય તો એના માતાપિતા બની અન્ય યુવક સાથે પુર્નલગ્ન કરાવી કન્યાદાન કરે છે. જે અતિ પ્રશંસનીય અને માનવતાલક્ષી કાર્ય કહેવાય. જીવનસંધ્યા ટાણે માનવીને માનસિક સહારો અને હુંફની આવશ્યકતા હોય છે. જેની પાસે સહદયતા અને સ્નેહની ઝંખના હોય છે. વર્તમાન સમયમાં વયસ્ક વ્યક્તિ પણ પુર્નલગ્ન કરવા પ્રેરાય છે જેથી બંને પાત્રો ને એકમેકનો વૃધ્ધાવસ્થામાં સહારો પ્રાપ્ય બને. એટલે વૈધવ્ય ગુનો નથી.

**સુરત - નેહા શાહ**